## (1) જહાજના રિસાઈકલીંગ (Ship Recycling) માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) વર્ષ 2009નું હોંગકોંગ કન્વેન્શન જહાજના રિસાઈકલીંગ માટેનું છે.

(2) આ કન્વેન્શન સાથે સંલગ્ન ભારતે 'શીપ રિસાઈકલીંગ એક્ટ, 2019' નામનો કાયદો બનાવેલ છે.

(3) આ કન્વેન્શન યુનેસ્કો, વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન અને સેવ ધ નેચર નામની સંસ્થાઓ હેઠળ આવે છે.

(4) જહાજ તોડવામાં ભારત પ્રથમ ક્રમે છે અને પાકિસ્તાન બીજા ક્રમે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ ભારતે 'શીપ રિસાઈકલીંગ એક્ટ, 2019' દ્વારા વર્ષ 2009ના 'હોંગકોંગ કન્વેન્શન ફોર શીપ રિસાઈકલીંગ'નું ભાગ બનવાનું નક્કી કરેલું છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇒ આ કન્વેન્શન ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (IMO) હેઠળનું છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આ અંતર્ગતના માર્ગદર્શનોનો ઉદ્દેશ છે કે, જહાજનો કાર્યકાળ પૂરો થયાં બાદ તે માનવ સ્વાસ્થ્ય તથા પર્યાવરણ માટે બિનજરૂરી ખતરા ઊભા ન કરે.

⇒ આ કન્વેન્શન હજુ કાર્યક્શીલ થયું નથી.

⇒ વિશ્વમાં જહાજ તોડવામાં ભારતનો ક્રમ પ્રથમ આવે છે. બાંગ્લાદેશ આ ઉદ્યોગમાં બીજા ક્રમે છે. ત્યારબાદ ત્રીજા અને ચોથા ક્રમે ક્રમશઃ પાકિસ્તાન અને ચીન છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) IMFના નવીનત્તમ વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક મુજબ, બાંગ્લાદેશની માથાદીઠ GDP ભારતની માથાદીઠ GDP કરતાં વધુ થઈ છે. આ માટેના કારણો પસંદ કરો.

(1) વર્ષ 2017થી ભારતના વૃદ્ધિદરમાં ઘટાડો.

(2) બાંગ્લાદેશની વસતીનો વધારો પ્રમાણમાં ઓછો રહયો છે.

(3) COVID-19 દરમિયાન બાંગ્લાદેશની GDPમાં ભારતની GDP કરતાં ઓછો ઘટાડો થયો છે.

(A) માત્ર (1)

(B) માત્ર (1) અને (3)

(C) માત્ર (2) અને (3)

(D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ IMFના નવીનત્તમ વર્લ્ડ ઈકોનોમીક આઉટલુક મુજબ, ભારતની માથાદીઠ GDP 2020માં 1876.53 ડોલર જેટલી રહેશે જ્યારે બાંગ્લાદેશ માટે તે 1887.97 ડોલર રહેશે.

⇒ બાંગ્લાદેશની માથાદીઠ GDP વધવાના કારણો :

- વૃદ્ધિ દર : બન્ને દેશોનો વૃદ્ધિદર 2004થી ઝડપી રહયો છે. પરંતુ, વર્ષ 2017થી ભારતના વૃદ્ધિદરમાં ઘટાડો થયો છે જ્યારે બાંગ્લાદેશનો વૃદ્ધિદર વધુ ઝડપી બન્યો છે.
- વસતી : છેલ્લા 15 વર્ષોમાં ભારતની વસતી બાંગ્લાદેશની વસતી કરતાં વધુ ઝડપે વધી છે. ભારતની વસતીમાં 21% જ્યારે બાંગ્લાદેશની વસતીમાં 18%થી ઓછો વધારો આ સમયગાળામાં જોવા મળ્યો છે.
- કોવીડ : કોવીડ દરમિયાન ભારતના GDPમાં 10% જેટલો ઘટાડો થયો છે જ્યારે બાંગ્લાદેશના GDPમાં માત્ર 4% ઘટાડો થવાનું અનુમાન છે.

(આથી, આપેલ દરેક વિધાન સાચાં છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નંદનકનન ઝૂલોજીકલ પાર્ક વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે પશ્ચિમ બંગાળમાં આવેલું છે.

(2) તે ભારતનું એકમાત્ર ઝૂલોજીકલ પાર્ક છે કે જે WAZA (World Association of Zoos and Aquarium)નું સભ્ય હોય.

(3) તે ઘારીયાલ માટેનું પ્રથમ બંધક સંવર્ધન કેન્દ્ર (Captive Breeding Center) હતું.

(4) કાંજિયા તળાવ કે જે એક આદ્રભૂમિ છે તે અહીં આવેલું છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ નંદનકનન ઝૂલોજીકલ પાર્ક ઓડીશાના ભુવનેશ્વરમાં આવેલું છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ પાર્કની અંદર ચંદકા જંગલ તથા કાંજિયા તળાવ પણ આવેલાં છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તાજેતરમાં આ પ્રાણીસંગ્રહાલય 'એડોપ્ટ અન એનીમલ' કાર્યક્રમમાં જોડાયું છે.

⇛ 1980 ભારતનું ઘારીયાલ માટેનું પ્રથમ બંધક સંવર્ધન કેન્દ્ર અહીં સ્થપાયું હતું. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે ભારતનું એકમાત્ર પ્રાણીસંગ્રહાલય છે કે જે WAZAનું સંસ્થાકીય સભ્ય હોય. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અહીંના મુખ્ય પ્રદર્શનોમાં સફેદ વાઘ, સિંહ સફારી, બટરફલાય પાર્ક, પેંગ્વીન, મગર વગેરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) તાઈવાન સામુદ્રધુની (Strait) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) તે તાઈવાન અને જાપાનની વચ્ચે આવેલી છે.
(2) તે દક્ષિણ ચીની સમુદ્રનો ભાગ છે.
(3) તેને ફોર્મોસા સામુદ્રધુની પણ કહે છે.
(4) તે ચીનના સાંઘાઈ પ્રદેશની નજીકથી પસાર થાય છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં યુ.એસ.ની વોરશીપ (લડાકું જહાજ) તાઈવાનની સામુદ્રધુનીમાંથી પસાર થતાં ચીન અને યુ.એસ. વચ્ચે તણાવ ઉત્પન્ન થયાં છે.

⇛ તાઈવાન સામુદ્રધુની 110 માઈલ પહોળી છે અને તે ચીન અને તાઈવાનની વચ્ચે આવેલી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેને ફોર્મોસા સામુદ્રધુની અથવા તો તાઈ–હાઈ (તાઈસમુદ્ર) તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સામુદ્રધુની દક્ષિણ ચીની સમુદ્રનો ભાગ છે. ઉપરાંત તેનો ઉત્તર તરફનો ભાગ પૂર્વ ચીની સમુદ્ર સાથે જોડાયેલો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ સામુદ્રધુનીના પૂર્વ ભાગમાં ચીન આવેલું છે. અહીં, ચીનનો ફુજિયાન (Fujian) પ્રદેશ આવેલો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

(5) આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન દ્વારા આપવામાં આવતાં એવોર્ડ જોડકાં સ્વરૂપે આપવામાં આવ્યા છે. આ પૈકી સાચાં જોડકા પસંદ કરો.

| | |
|---|---|
| (1) વિશ્વેશ્વરીયા એવોર્ડ | સૌરઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય બદલ વૈજ્ઞાનીકો તથા એન્જિનીયરોને આપવામાં આવે છે. |
| (2) કલ્પના ચાવલા એવોર્ડ | ગ્રામ્ય ક્ષેત્રે સૌરઊર્જાનું સાહસ લેનાર મહિલાઓને |
| (3) દિવાકર એવોર્ડ | સૌથી વધુ સૌર ક્ષમતા ધરાવતાં દેશને ઓળખ આપવા માટે |

(A) આપેલ તમામ
(B) માત્ર (1) અને (2)
(C) માત્ર (2) અને (3)
(D) આપેલ પૈકી એક પણ નહીં

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સૌર સંગઠનની ત્રીજી બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ભારત અને ફ્રાંસ ફરીથી પ્રેસીડન્ટ અને વાઈસ–પ્રેસીડેન્ટના પદે ચૂંટાયા છે.

⇒ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન દ્વારા આપવામાં આવતાં એવોર્ડ્સ :

- વિશ્વેશ્વરીયા એવોર્ડ :
  સંગઠનના ચાર વિસ્તારો પૈકી દરેક વિસ્તારમાં સૌથી વધુ ફ્લોટીંગ (Floating) સૌર ક્ષમતા ધરાવતાં દેશને ઓળખ આપવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે.
- કલ્પના ચાવલા એવોર્ડ :
  સૌરઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ વૈજ્ઞાનીક તથા એન્જિનીયરોને આ એવોર્ડ આપવામાં આવે છે.
- દિવાકર એવોર્ડ : એવી સંસ્થાઓને આપવામાં આવે છે કે જેણે યજમાન દેશમાં સૌરઊર્જાનો મહત્તમ ઉપયોગ કરેલો હોય તથા તે દિવ્યાંગ વ્યકિતઓની સુખાકારી માટે કાર્ય કરતી હોય.

  (આથી, એક પણ વિધાન સાચાં નથી.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT